આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કૃપાલી મહેચ્છા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-24-09-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

## કૃષિ રાહત પેકેજ

રાજ્ય સરકારે ઓગસ્ટ **2024**માં થયેલ ભારે વરસાદને કારણે ખેડૂતોની નુકસાનની ભરપાઇ માટે ૧ હજાર ૪૧૯ કરોડથી વધુનું કૃષિ રાહત-સહાય પેકેજ જાહેર કર્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગઈકાલે મળેલી કેબિનેટ બેઠક બાદ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલ અને કૃષિમંત્રી રાઘવજી પટેલે આ જાહેરાત કરતાં જણાવ્યું કે, અસરગ્રસ્ત ખેડૂતોને **SDRF**ના નિયમો પ્રમાણે તેમજ નુકશાનની તીવ્રતાને ધ્યાને લઇ રાજ્ય ભંડોળમાંથી વધારાના ૩૨૨ કરોડ ૩૩ લાખ રૂપિયાની ટોપઅપ સહાય પણ અપાશે.

**SDRF**ના નિયમો પ્રમાણે ૩૩ ટકાથી વધુ નુકશાન હોય તેવા આશરે ૭ લાખથી વધુ ખેડૂતોને મહત્તમ ૨ હેક્ટરની મર્યાદામાં સહાય આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે ભારે વરસાદના પરિણામે **33** ટકાથી વધુ નુકસાન પામેલ ૮ લાખ ૮૩ હજાર હેક્ટર વિસ્તાર અસરગ્રસ્ત થયો હતો. જ્યારે રાજ્યના ૨૦ જિલ્લાના ૧૩૬ તાલુકાના ૬ હજાર ૮૧૨ ગામોનો વિસ્તાર ભારે વરસાદથી પ્રભાવિત થયો હતો.

**RNU** અમદાવાદ

---

## બાર કાઉન્સિલ

રાજ્યની વડી અદાલતે બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની માન્યતા પ્રાપ્ત ન હોય તેવી અનુદાનિત અને સરકારી મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓને કામચલાઉ સનદ આપવા આદેશ કર્યો છે, જેથી તેઓ આવનારી ઑલ ઈન્ડિયા બાર એક્ઝામમાં બેસી શકશે.

આ આદેશ બાદ બાર કાઉન્સિલ ઑફ ગુજરાતે વહેલામાં વહેલી તકે વિદ્યાર્થીઓને કામચલાઉ સનદ આપવાની કામગીરી પૂર્ણ કરવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. કામચલાઉ સનદ માટે માટે અરજી કરવાની છેલ્લી તારીખ વડી અદાલતે **31** ઑક્ટોબર નક્કી કરી છે.

**RNU** અમદાવાદ

---------------------------------------------------------------------------

## વિદ્યુત સહાયક ભરતી

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિદ્યુત સહાયક **(JE)**ની સીધી ભરતીથી પસંદગી પામેલા **394** ઉમેદવારોને નિમણૂંક પત્ર એનાયત કર્યા હતા.

આ વિતરણ કાર્યક્રમમાં મંત્રી કનુભાઇ દેસાઇ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં **PGVCL**ની આટકોટ સબ-ડિવિઝન ઑફિસ, **GETCO**ના **7** સબ-સ્ટેશન, **SLDC**ના નવા રિન્યૂઅબલ એનર્જી મેનેજમેન્ટ બિલ્ડિંગ, રાજકોટ ખાતે જેટકોના વાજડી ટ્રેનિંગ સેન્ટરનું લોકાર્પણ અને **E-CGRF** પોર્ટલ લૉન્ચ કર્યું હતું.

**RNU** અમદાવાદ

---------------------------------------------------------------------------

RNU BHU

## પુરી ટ્રેન રદ

પૂર્વ તટ રેલવેમાં વાવાઝોડું “દાના” ને કારણે મુસાફરોની સલામતી અને સુરક્ષાને ધ્યાનમાં રાખીને પુરી - ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેન રદ્દ કરવામાં આવી છે. 26મી ઓક્ટોબરે પુરીથી ઉપડનારી ટ્રેન નંબર 22974 પુરી – ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેન રદ્દ રહેશે.

RNU અમદાવાદ

---------------------------------------------------------------------------

## સ્વચ્છતા હી સેવા તાલીમ

સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને રાજ્ય ગ્રામ વિકાસ સંસ્થા, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે નલીયા ખાતે અબડાસા તાલુકાના તલાટી અને સરપંચની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગ્રામ્ય કક્ષાએ ઘન અને પ્રવાહી કચરાના યોગ્ય, સુચારુ અને કાયમી નિકાલ કરવા અંગેનું યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવાનો હતો. લોકો સામૂહિક રીતે સ્વચ્છતા સાથે સ્વસ્થતાના આગ્રહી બને અને વ્યવહારૂ જીવનમાં કાયમી ધોરણે ઘન અને પ્રવાહી કચરાનો યોગ્ય અને વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવામાં સ્વૈચ્છિક રીતે કટિબદ્ધ બને તે માટે કર્મચારીઓને તાલીમથી માહિતગાર કરવામાં આવ્યા હતા.

મા.ખા

---------------------------------------------------------------------------

## સ્વચ્છતા સફાઈ

સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત માંડવી, ભચાઉ, નખત્રાણા અને રાપર નગરપાલિકા દ્વારા દિવસ અને રાત્રિ સફાઇ કામગીરી કરવામાં આવી રહી છે. શહેરની શેરી, કોમર્શિયલ વિસ્તાર, સર્કલ, ઉકરડા પોઇન્ટ, જાહેર માર્ગો વગેરે સ્થળે સઘન સફાઇ કામગીરી કરવામાં આવી છે. કનૈયાબે પંચાયત દ્વારા વિવિધ વિસ્તારમાં સફાઈ કરવામાં આવી હતી.

મા.ખા.

-----------------------------------------------------------------------------

## આઈટીઆઈ

આઈ.ટી.આઈ રાપરમાં ફીટર, વેલ્ડર અને વાયરમેન બેઠકો પર એડમીશન - પ્રવેશ મેળવવા માટે ઇચ્છુક ઉમેદવારો હવે ૩૦મી ઓકટોબર સુધી ઓનલાઈન ફોર્મ અથવા સંસ્થાનો રૂબરૂ સંપર્ક કરી શકે છે. તેવું ઔદ્યોગિક તાલીમ સંસ્થા, રાપરના આચાર્યની અખબાર યાદીમાં જણાવાયું છે.

મા.ખા.

-----------------------------------------------------------------------------

## મન કી બાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવાર 27 ઑક્ટોબરે આકાશવાણી પરથી "મન કી બાત" કાર્યક્રમમાં દેશવિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 115મી આવૃત્તિ હશે.

RNU નેશનલ

-----------------------------------------------------------------------------